# એકમ–3 સર્વેક્ષણ સંશોધન (Survey Research)

## : રૂપરેખા :

3.0 ઉદ્દેશો
3.1 પ્રસ્તાવના
3.1.1 પુસ્તકાલય સર્વેક્ષણ
3.2 માહિતી સંગ્રહ
3.2.1 નમૂના પસંદગી
3.3 સર્વેક્ષણનું સંચાલન કેવી રીતે કરવું
3.4 સમસ્યાઓ
3.5 સર્વેક્ષણ સંશોધનનાં સાધનો
3.5.1 અવલોકન
3.5.2 પ્રશ્નાવલી
3.5.3 દૂરભાષી સર્વેક્ષણો
3.5.4 વિજાણુય સર્વેક્ષણો
3.6 સર્વેક્ષણ સંશોધન માટે કેટલાંક સ્વાધ્યાયો
3.7 સારાંશ
3.8 તમારી પ્રગતિ ચકાસો
3.9 ચાવીરૂપ શબ્દો
3.10 સંદર્ભો અને વિશેષ વાંચન

## 3.0 ઉદ્દેશો (OBJECTIVES) :

- **આ એકમ વાંચ્યા બાદ, આપ શક્તિમાન થશો કે...**
- સર્વેક્ષણ સંશોધનનું સ્વરૂપ સમજવું અને વ્યાખ્યાયિત કરવું.
- જ્યાં તે અનુકૂળ હોય તે પરિસ્થિતિ ઓળખવી અને સંર્વેક્ષણ સંશોધન દ્વારા જવાબ આપી શકાય એવા સંશોધન ક્ષેત્રોને જાણવા.
- પ્રત્યેકના લાભો અને ગેરલાભો સાથે સર્વેક્ષણ સંશોધનની વિવિધ પ્રયુક્તિઓ અને સાધનો જાણવાના અને
- સર્વેક્ષણ સંશોધન રચના તૈયાર કરવી.

## 3.1 પ્રસ્તાવના (INTRODUCTION) :

સર્વેક્ષણ સંશોધન વર્તમાન અધ્યતન પરિસ્થિતિ લોકોના જૂથ અથવા સંસ્થાઓ અથવા જમીની વાસ્તવિકતાઓનો અભ્યાસ કરવા અને વર્ણન કરવા હાથ પર લેવાય છે. હકીકતો અને શાબ્દિક માહિતી એકત્ર કરીને તે દ્વારા શું, ક્યારે અને ક્યાં જેવા પ્રશ્નોના જવાબો શોધાય છે. વર્ણનાત્મક સર્વેક્ષણો ગુણાત્મક અને જથ્થાત્મકએ બંનેને લગતાં હોય છે. તે બહુ હેતુઓ માટે પછીથી વપરાનારી પેઢી વિશાળ માહિતી એકત્ર કરવા માટે ઉપયોગમાં છે. ભારતની દશવર્ષીય વસ્તી ગણતરીએ આવું એક ઉદાહરણ છે. તેને સંપૂર્ણક્ષેત્રમાંથી પ્રાથમિક માહિતી સંગ્રહની જરૂર હોય છે. સંશોધન સમસ્યા ઉકેલવા અંકશાસ્ત્રીય પદ્ધતિ દ્વારા બે ચલો વચ્ચે સંબંધોના અભ્યાસ કરવા અથવા સિદ્ધાંત આધારિત તારણો નક્કી કરવા વૈજ્ઞાનિક રીતે એકત્રિત કરેલ હકીકતો અને આંકડાઓ પૂરા પાડવા તે નમૂનાના સર્વેક્ષણ દ્વારા માહિતીનો સંગ્રહ પણ હોઈ શકે. આયોજન જાતિઓ અને કાર્યો માટે માહિતી એકત્ર કરવાની ઝોક (વલણ) લાંબા અને વિશાળ સામાજિક સર્વેક્ષણો સાથે શરૂ થયો.

### 3.1.1 પુસ્તકાલય સર્વેક્ષણ (Libray Survey) :

પુસ્તકાલય સર્વેક્ષણ આપેલા સમયે અથવા આપેલા સમયગાળામાં પુસ્તકાલયો, તેમની પ્રવૃત્તિઓ, સંચાલનો, સેવાઓ, કર્મચારીઓ, ઉપયોગ અને ઉપયોગકારોની બાબતમાં (લગતી) માહિતીના પદ્ધતિસરના સંગ્રહ તરીકે અર્થઘટન કરાય છે. સર્વેક્ષણ-ક્ષેત્ર વસતી, વિષયો અથવા વિસ્તાર પર ફેલાયેલાં સર્વેક્ષણો સ્વરૂપ વિશાળ, સારાંશ આપનારું હોય છે. દાખલા તરીકે, પુસ્તકાલયની સરક્યુલેશન પદ્ધતિનો અભ્યાસએ સર્વેક્ષણ નથી પરંતુ, જો આખા શહેર કે પ્રદેશના તમામ પુસ્તકાલયો સુધી વિસ્તૃત કરાયતો તેને ક્ષેત્રફળની વ્યાખ્યા આપી શકાય. એર ઉદાહરણ, હરિયાણામાં જાહેર પુસ્તકાલયોના સર્વેક્ષણો

પુસ્તકાલય અને માહિતી વ્યવસ્થાપનમાં, સર્વેક્ષણ પદ્ધતિ તેની અનુરૂપતાને લીધે તદ્દન લોકપ્રિય હોય છે. તે ઘણા પુસ્તકાલય સંચાલન, સેવાઓ અને ઉપયોગને સરળતાથી વિનિયોજિત કરી શકાય છે. સર્વેક્ષણો સારા હોય છે, તેમનું સંચાલન સહેલું હોય છે જો કે સમય લેનારું જરૂર હોય છે.

## 3.2 માહિતી સંગ્રહ (DATA COLLECTION) :

મૂળભૂત રીતે સર્વેક્ષણ ઔપચારિક અને પદ્ધતિસરની પદ્ધતિ દ્વારા માહિતીઓ, હકીકતો અથવા પાઠ્યપુસ્તકીય/શાબ્દિક માહિતી અથવા અભિપ્રાય એકત્ર કરવાની બાબતનો સમાવેશ કરે છે. આમ કરવા માટે ઘણી પ્રયુક્તિઓ અને સાધનો હોય છે.

- પ્રત્યક્ષ પરંતુ એક તરફ ઊભા રહીને કરાયેલ અવલોકન
- પ્રવૃત્તિઓમાં ભાગલેનારાઓ પૈકી એકનું અવલોકન કરવા.
- ચોક્કસ પ્રશ્નો પૂછવા માટે ઘેરે ઘેરનું સર્વેક્ષણ કરીને અથવા વ્યક્તિગત માહિતીદાતાઓને મળીને

આ વ્યક્તિગત સર્વે નિચેના સાધનો ધ્વારા કરી શકાય ના દ્વારા

- ઔપચારિક અને માળખાકૃત છપાયેલ પ્રશ્નાવલિ દ્વારા
- ટેલિફોન દ્વારા, અથવા ઈ-મેઈલ અથવા વેબસાઇટ દ્વારા

### 3.2.1 નમૂના પસંદગી (Sampling) :

એ અભ્યાસ હેઠળના તમામ ક્ષેત્રને આવરી લેતું સમગ્ર પરિસરનું જૂથ (સેટ) છે. દાત. ભારતમાં વિશ્વવિદ્યાલય પુસ્તકાલયો, અનુસ્નાતક પુસ્તકાલય ઉપયોગકારો, મુંબઈમાં નોકરી નહીં કરતી વિવાહિત સ્ત્રીઓની વાચન ટેવનું સર્વેક્ષણ વગેરે. જો અભ્યાસ હેઠળ વ્યાપવિશ્વ નાનું હોય અથવા નિયંત્રણ કરી શકાય એવું હોય તો પછી અભ્યાસ હેઠળની પ્રત્યેક બાબત અથવા અસ્તિત્વ/વસ્તુવિશ્વની માહિતી એકત્ર કરાવવી જોઈએ. પરંતુ આ સર્વેક્ષણ સંશોધનમાં ભાગ્યે જ આ પરિસ્થિતિ હોય છે. નમૂના પસંદગીની જરૂર હોય છે જો અભ્યાસ હેઠળના વ્યાપવિશ્વ ખૂબ વિશાળ હોય તો. (નમૂનો) ન્યાદર્શ એ નાના વ્યાપવિશ્વના પેટાજૂથ અથવા અનુપ્રસ્થ પરિચ્છેદ પ્રતિનિધિ તરીકે વ્યાખ્યાયિત કરાય. તે સજાતીય રીતે સમગ્ર ક્ષેત્રનું પ્રતિનિધિત્વ કરે છે. સંશોધન પરિણામોની પ્રમાણતા એ તારવેલા ન્યાદર્શની ગુણવત્તા ઉપર વધારે આધાર રાખે છે ન્યાયદર્શની રૂપરેખા તૈયાર કરવા માટે વૈજ્ઞાનિક, તાર્કિક અથવા આંકડાકીય પ્રયુક્તિઓ હોય છે. પ્રયુક્તિઓ પૈકી કેટલીક ન્યાદર્શ સજાતીય છે અને અભ્યાસ હેઠળ સમગ્ર વ્યાપવિશ્વના સાચા અને યોગ્ય અને સજાતીય લઘુપ્રતિકૃતિ છે. જો ન્યાદર્શ (નમૂનો) પૂર્વગ્રહયુક્ત અથવા અકાંગી હોય તો પછી પરિણામો પર વિશ્વાસ રાખી શકાય નહીં અથવા સામાન્યીકરણ કરી શકાય નહીં. તે નીચેની બે પદ્ધતિઓથી રચી શકાય.

**સંભવિતતા નમૂના પસંદગી (ન્યાદર્શ પસંદગી) :**

તે યાદચ્છ ન્યાદર્શ પસંદગી છે જે ન્યાદર્શમાં સમાવવાનાં પ્રત્યેક તત્વોની તકો વ્યાખ્યાયિત કરે છે. દાખલા તરીકે જો આપણે પ્રત્યેક હજારમાંથી એક વસ્તુવ્યાપ સમાવવાનું નક્કી કરીએ તો પછી ન્યાદર્શમાં સમાવવાના પ્રત્યેક વસ્તુવ્યાપની

વિશ્વમાં તક 1/1000 છે. યાદચ્છ સંગ્રહ માટે સૌ પ્રથમ સંશોધક 1000ના જૂથમાં સમગ્ર વ્યાપવિશ્વને વિભાજિત કરશે કારણ કે તેઓ કુદરતી સ્થિતિમાં બને છે. પછી પ્રત્યેક જૂથમાંથી સંશોધક પ્રત્યેક પાંચમો સભ્ય અથવા તે માટે પ્રત્યેક વીસમો સભ્ય ઉપાડી લે. આ યાદચ્છ નમૂના પસંદગી છે અને રચાયેલ ન્યાદર્શ સાચું ન્યાદર્શ હશે પણ છતાં કેટલીક ભૂલ તકનીકી રીતે 'ભૂલની ગુંજાઇશ'ને નિવારી શકાતી નથી. તેને આંકડાશાસ્ત્રીય રીતે ગણી શકાય અને પરિણામોમાં જણાવી શકાય.

**બિન સંભવિતતા નમૂના પસંદગી (ન્યાદર્શ પસંદગી) :**

તે બિનમાળખાકૃત ન્યાદર્શ છે અને સંશોધકની કેટલીક અનુકૂળતાને લીધે અભ્યાસમાં સમાવેશ કરાય છે સંશોધ તેના વિના ગોથું ખાઇ જાય છે. આ નમૂના પસંદગી અનુકૂળ છે. ઓછો સમય લે છે અને હાથવગી છે. પરંતુ તે પૂર્વગ્રહોથી લદાયેલી એકાંગી હોય અને તેને ભૂલની ઉચ્ચતર ગુંજાઇશ હોય. એકમ 6(છ)માં 'ચલોનું માપનમાં નમૂના પસંદગીની ચર્ચા વિગતવાર થઈ છે.'

- **તમારી પ્રગતિ ચકાસો.**

1. પુસ્તકાલય સર્વેક્ષણ શું છે ?

નોધ 1) નિચે આપેલી જગ્યામાં તમારો ઉત્તર લખો.

2) એકમને અંતે આપેલા ઉત્તરો સાથે તમારો ઉત્તર ચકાસો.

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

## 3.3 સર્વેક્ષણનું સંચાલન કેવી રીતે કરવું (HOW TO CONDUCT A SURVEY) :

શરૂઆતમાં, સમસ્યાને તેમાં સમાવિષ્ટ અને અપવર્જન બાકાત રાખતા પ્રાચલનો વ્યાખ્યાયિત કરી તે દ્વારા સ્પષ્ટરીતે અને કડકાઈથી રચાના કરવી જોઈએ. સર્વેક્ષણનો ભૌગોલિક વિસ્તાર અથવા સંકલ્પનીય વિસ્તાર કેન્દ્રીત થવો જ જોઈએ. સંશોધન પ્રશ્નોને સ્પષ્ટ રીતે વ્યાખ્યાયિત કરાવા જોઈએ.

- વ્યાપવિશ્વનું લક્ષ્ય સીમાંકન થવું જોઈએ અને માનવજાતના કિસ્સામાં સુગમ હોવું જોઈએ અને અન્ય કિસ્સાઓમાં માપન કરી શકાય એવું હોવું જોઈએ.
- અભ્યાસના પ્રકાર અને વ્યાપવિશ્વના સ્વરૂપ પર આધાર રાખીને ઉપયોગમાં લેવાતી માપપટ્ટીઓ અને સાધનોના પ્રકારો તથા સર્વેક્ષણની ઢબ નક્કી કરવી જોઈએ.
- પ્રશ્નાવલિ કાળજીપૂર્વક તૈયાર કરાવી જોઈએ અને નાના વ્યાપ વિશ્વ પર પૂર્વ ચકાસણી કરાવવી જોઈએ.
- ઉત્તરદાતાઓ પાસે યોગ્ય કુનેહ, સભ્યતા, નમ્રતા સાથે પહોંચાવું જોઈએ અને તેઓને સંશોધનના લક્ષ્ય અને હેતુને પૂર્ણ રીતે સમજાવવો જોઈએ. કોઈ મૂંઝવણ થાય એવા પ્રશ્નો પુછવા જોઇએ નહિ અગાઉથી ગોઠવાયેલા પ્રશ્નોના ઉત્તર આપવામાં તેમને સ્વતંત્રતા આપો.
- મૌખિક જવાબો કે મુલાકાતોના કિસ્સામાં, માહિતીની વિશ્વાસપૂર્વક નોંધણી કરાવી જોઈએ. ગમે તેવી સંશોધકોની ઈચ્છાઓ અથવા અપેક્ષાઓની વિરુદ્ધ હોય. ઉત્તરદાતાઓના વિચારોને માન અપાવું જોઈએ. બીજાઓના અભિપ્રાયોને પણ સ્વીકારો. સંશોધક સંશોધનના પરિણામમાં તટસ્થ વિચ્છિન્ન અથવા રસધરાવતો હોવો જોઈએ.
- ઉત્તરદાતાઓનો સહકાર અને તેઓએ આપેલ કિંમતી સમય માટે આભાર મનાવો જોઈએ.

## 3.4 સમસ્યાઓ (POBLEMS) :

સર્વેક્ષણ સંશોધન એ રચના કરવા માટે સરળ છે પણ અસહકાર, બિન પ્રત્યુત્તરથી શરૂ કરી ઈરાદાપૂર્વકની ખોટી માહિતી સુધી ઘણાં પરિબળોને લીધે સંચાલન કરવું અઘરું છે. તે પૈકી કેટલાંકની નીચે સમજૂતી અપાઈ છે.

**અસહકાર :** Non-co opration

ઘણી વ્યક્તિઓ પ્રશ્નાવલી ભરવામાં અથવા મળવા કે મુલાકાત માટે સંશોધકને સમય આપવામાં રસ ધરાવતા નથી. તો ઘણા વ્યક્તિગત અથવા વહીવટી કારણોને લીધે હોય. કારણો છે...

- સમયનો અભાવ.
- તમામ પ્રકારના શૈક્ષણિક અને બજાર સંશોધકોમાંથી આવી ઘણી વિનંતીઓને લીધે રસનો અભાવ.
- આવી માહિતી ખુલ્લી કરવાનો ડર જે માહિતી ઉત્તરદાવા અથવા સંસ્થાને સિદ્ધિઓ માટે ગૌરવશાળી ન બનાવે.
- માંગણી કરાયેલ આવી માહિતી ખુલ્લી ન કરવા રાજકીય, વ્યુહાત્મક અથવા વ્યાપાર જરૂરિયાત.

લક્ષ્ય વ્યાપવિશ્વ પાસેથી માહિતી મેળવવીએ વ્યક્તિગત ઉપકારની બાબત છે. પ્રત્યેક સર્વેક્ષણ સંશોધકને ભરપૂર દુઃખદ વાર્તાઓ કહેવાની હોય છે. સામાન્ય રીતે તેને અત્યંત ધૈર્ય, સમજાવટ અને કૌશલ્યની જરૂર પડે છે એટલા માટે તે ઉત્તરદાતાઓને બાહ્ય એજન્સીઓ વિનંતી કરાયેલ માહિતી અથવા અભિપ્રાયો અપાવડાવે. આથી, અવગણના/અપમાનની સામે જે વ્યક્તિઓ સારી સામાજિક ન હોય અથવા દૃઢ વલણના હોય તેઓ આ પ્રકારના સંશોધનમાં યોગ્ય હોતા નથી.

**બાહ્ય સ્ત્રોતો દ્વારા માહિતી સંગ્રહ (Out Sourcing) :**

જો સર્વેક્ષણ માટેનું ક્ષેત્ર વિશાળ હોય તો પછી કોઈ વાણિજિયક પણ વ્યાવસાયિક એજન્સીને તે માહિતી એકત્ર કરવા રોકવા છે. આને બાહ્ય એજન્સી માહિતી એકત્રીત કરે છે. પરંતુ તેમને પણ તેની પોતાની સમસ્યાઓ છે.

- એકત્ર કરેલ માહિતી વિશ્વસનીય ન હોય કદાચ અપ્રમાણિકતાથી બદલાયેલ પણ હોય.
- પ્રાથમિક/મૂળલેવલની વાસ્તવિકતાઓના અનુભવથી વંચિત કરાય છે. અપરિપક્વ માહિતી એકત્ર કરવા ઉપરાંતના ક્ષેત્રમાં સંશધક ઘણી અસંગત વાસ્તવિકતાઓ જાતે અનુભવે છે અને શીખે છે જે તે ઘણી ન કલ્પાયેલા પરિપ્રેક્ષ્યોમાં સમસ્યાઓને જોવામાં મદદ કરે છે. ઉત્તરદાતાઓ સાથે વ્યક્તિગત રીતે મળવું અને વાતચીત કરવીએ અમૂલ્ય અનુભવ છે. તે કદાચ સંશોધકના વલણ અને અગાઉથ વિચારેલ ખ્યાલો પણ બદલે.

**નિમ્ન પ્રતિભાવ દર : (Low Response Rate) :**

વિલંબો, બહાનાં ઉપરાંત, ઘણાં સ્મૃતિપત્રો છતાં, માહિતી મેળવવી અને એકત્ર કરવી એ હંમેશાં સમય માંગી લે છે. ઘણીવાર સંશોધકોને ઈતિરેખા આગળ વધારવી પડે છે કારણ કે આ (માહિતી) પરિપૂર્ણ થતી નથી. પરત અથવા પ્રતિભાવ નીચો હોય. તેની સંશોધન તારણોની પ્રમાણતા ઉપર દેખીતી નકારાત્મક અસર હોય ચાલીસ ટકા પરત દરએ પૂરતો છે જો કે તે ઊંચો નથી

**ઈરાદાપૂર્વકની ખોટી માહિતી :**

મોટાભાગના ઉત્તરદાતાઓ સામાન્ય રીતે સાચી અને નિખાલસ માહિતી આપતા નથી. આ બે બાબતોને લીધે માહિતી ખોટી હોય છે.

- મૂકાયેલો પ્રશ્ન સંદિગ્ધ હોય અથવા ઉત્તરદાતા દ્વારા ખોટી રીતે અર્થઘટન કરાયું હોય. દાખલા તરીકે આ પ્રશ્ન, ''શું તમારું પુસ્તકાલય સ્વયં સંચાલિત છે ?'' ના જવાબમાં ઘણા ગ્રંથપાલો 'હા' કહે છે. જો કે તેમનું કમ્પ્યુટર માત્ર કારકુની હેતુ માટે વપરાઈ રહ્યું હોય તેમ છતાં અન્ય ઉદાહરણ તરીકે ઘણા ગ્રંથપાલો તેનો હકારાત્મક જવાબ આપે છે કે તેઓ 'CAS' સેવાઓ પૂરી પાડે છે જ્યારે વાસ્તવમાં તેઓ નવાં આગમનોની યાદી પ્રકાશિત કરે છે. ખોટો જવાબ ઈરાદાપૂર્વકનો હોય જો કે લાગે/દેખાય નિર્દોષ.

- પોતાની જાતની માત્ર આદર્શ અથવા તેજસ્વી બાજુ બતાવવાનીએ માનવની કુદરતી નિર્બળતા અથવા વલણ છે. ઘણા વિશ્વવિદ્યાલયના શિક્ષકો પુસ્તકાલયની મુલાકાત લેતા નથી પરંતુ જ્યારે પુછાય છે ત્યારે તેઓ જવાબ આપે છે કે મુલાકાત અવારનવાર હોય છે. ઘણા તો વધારે કુનેહબાજ હોય છે. કેટલાક તો બિનશરમિંદી રીતે જૂઠું પણ બોલે. તેઓ કહેવતની રીતે બોલતા દેખાય "મને પ્રશ્નો ન પૂછો, હું તમને જૂઠું નહીં હું." આવા ખોટા અથવા સંદિગ્ધ જવાબોમાંથી વાસ્તવિકતાઓ શોધી કાઢવો માટે ખૂબ જાગૃત, અનુભવી અને પરિપક્વ વ્યક્તિની જરૂરી હોય છે.

**અસ્પષ્ટ જવાબ :**

જો પ્રશ્ન અબાધ પ્રવેશ યુક્ત હોય તો પછી માનવજાતને તેને સંદિગ્ધ રીતે જવાબ આપવાની ટેવ છે. જેનો દ્વિઅર્થ હોય છે. ગુણવત્તાસભર જવાબો હંમેશા સંદિગ્ધ પરિણામોનો સ્રોત હોય છે.

**અપ્રમાણિક રીતે ગોઠવાયેલી માહિતી :**

અધિકૃત નોંધ ઘણીવાર ગોલમાલ કરાયેલી અથવા અપ્રમાણિક રીતે ગોઠવાયેલી હોય છે. તે વાસ્તવમાં હોય તેના કરતાં ઉચ્ચ દેખાવ દર્શાવવા હોય છે. તેઓ કહે છે દેખાવનો ગોટાળો કરાય છે. દાખલા તરીકે કોઈ પુસ્તકાલય ઓછા વાક્યનો વાચતાને લીધે બંધ થવાના ડર હેઠળ હોય તો તે માહિતીની બનાવટ કરે અને વાસ્તવિક સંખ્યા કરતાં ઉપયોગકર્તાની વધારે સંખ્યા દર્શાવવા ધાલમેલ કરે. જ્યારે અધિકારીઓ માધ્યમો, સત્તાધીશો અને સંશોધકો માટે નોંધણીના ગોટાળા ધાસમેલ કરે ત્યારે સંશોધક આ બિનસમીક્ષા કરાયેલ અથવા બિનપડકારાયેલ માહિતીનો ઉપયોગ કરીને સાચાં તારણો સુધી પહોંચશે નહીં. પરિણામો વાસ્તવિકતાથી અત્યંત દૂર હશે. આવાં નિષ્કર્ષોનો વ્યવહારૂ ઉપયોગ કરવોએ નુકસાનકારક હશે. આમ છતાં, પ્રશ્નો પૂછવાથી અથવા પ્રતિ ચકાસણી કંઈક પરિસ્થિતિ સુધારે. વ્યક્તિએ ખોટા અથવા અર્ધા જવાબમાંથી નિરાશાવાદી થવાનું નથી. તમારે સાવધ રહેવાની જરૂર છે.

◆ **તમારી પ્રગતિ ચકાસો.**

3. માહિતી સંગ્રહમાં સમાવિષ્ટ પગથિયાંની યાદી આપો.

4. માહિતી બાબતમાં સર્વેક્ષણ સંશોધનની સમસ્યાઓની ગણના કરો.

નોંધ: 1. નીચે આપેલી જગ્યામાં તમારા ઉત્તરો લખો.

2. એકમને અંતે આપેલા જવાબો સાથે તમારા જવાબો ચકાસો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

## 3.5 સર્વેક્ષણ સંશોધનનાં સાધનો (INSTRUMENTS OF SURVEY RESEARCH)

વિભાવ 2.3માં ઉપર જણાવ્યા પ્રમાણે, સર્વેક્ષણ સંશોધનમાં હાર્દરૂપ કાર્ય પ્રત્યક્ષ પદ્ધતિથી માહિતી સંગ્રહ થાય છે. માહિતી પ્રાથમિક હોવી જોઈએ અને પ્રત્યક્ષ અવલોકન દ્વારા અથવા મૂળ અને વિશ્વસનીય સ્રોતમાંથી મેળવાયેલી હોવી જોઈએ આના માટે મુખ્ય પદ્ધતિઓ છે :

- અવલોકન
- મુલાકાત
- પ્રશ્નાવલી
- આનું કોઈપણનું જોડાણ

આ કાર્યો માનવીય પદ્ધતિઓની કરાય અથવા વિજાણૂય સાધનો ઉપયોગમાં લેવાય. દાખલા તરીકે, આપણે કેમેરા અથવા ટેપરેકોર્ડરનો ઉપયોગ ખુલ્લી રીતે અથવા પ્રચ્છન્ન રીતે કરીએ; પ્રશ્નાવલીઓ વ્યક્તિગત રીતે અપાય અથવા ઈ-મેઈલ કે વેબસાઈટ દ્વારા અપાય.

**અવલોકન :**

સર્વેક્ષણ સંશોધનમાં માહિતી સંગ્રહની પ્રત્યેક ઢબ એ લઘુકૃત અવલોકન છે. માહિતી સંગ્રહની તે સૌથી સ્પષ્ટ અને વિશ્વસનીય પદ્ધતિ છે. આને ફરીથી બે ભાગોમાં વર્ગીકૃત કરી શકાય છે.

### 3.5.1 અવલોકન (Observation) :

આ પદ્ધતિમાં સંશોધક પ્રવૃત્તિનું અવલોકન કરે છે અને નજીક ઊભા રહીને માહિતી/જાણકારી નોંધે છે.

a) માહિતીદારોને માહિતી આપીને

b) પ્રચ્છન્ન અથવા ખાનગી રીતે

અવલોકનકાર નોંધપોથી, પૂર્વરચિત પત્રકો, કેમેરા અથવા ટેઈપ રેકોર્ડરનો ઉપયોગ બંને કિસ્સાઓમાં કરી શકે. પ્રથમ કક્ષાએ સરળ પદ્ધતિ છે અને અવલોકન હેઠળના લોકો સહકારપૂર્ણ અને કેટલાક વાર તો ઉત્સાહી હોય છે. પરંતુ સમસ્યા છે કે લોકો ખરેખર તેઓનું અવલોકન કરાતું હોય ત્યારે સ્વાભાવિક હોતા નથી. તેમનું વર્તન સારા કે ખોટા માટે સ્વવિકૃત અથવા દોરીસંચાર કરાયેલ હોય. લોકો સ્વાભાવિક હોતા નથી જ્યારે બહારની વ્યક્તિઓ દ્વારા અવલોકાતા હોય ત્યારે સજાગ હોય છે.

ઉપરની પરિસ્થિતિ નિવારવા અવલોકનકાર ભાગ લેનારાઓની માહિતી સિવાય રહસ્યમય રીતે તેમનું અવલોકન કરે છે. અમુક પ્રમાણ સુધી, તે શક્ય છે. દાખલા તરીકે, તમે પુસ્તકાલયના ખૂણામાં બેસો અને પુસ્તકાલય ઉપયોગકર્તા કયા સંદર્ભોનો પરામર્શ કરે છે અથવા તેઓ સૂચિપત્રનો કેવો ઉપયોગ કરે છે. તે જોવાય કેટલાક કિસ્સાઓમાં તો નીતિશાસ્ત્ર અને કાયદેસરના અને નીતિમત્તાનો પ્રશ્નનો સમાવેશ થાય છે.

**સહભાગી (ભાગ લેનાર) એવલોકનકાર : (Participant Observer)**

અકુદરતી વર્તન અથવા નીતિમય પ્રશ્નની સમસ્યાને નિવારવા સંશોધક અવલોકન હેઠળના જૂથનો સભ્ય બને. જ્યારે જરૂરી અવલોકન બહુવિધ, સૂક્ષ્મ અને લાંબા સમય માટે હોય ત્યારે આ પદ્ધતિ ઉપયોગી હોય છે. આ પદ્ધતિએ નૃવંશશાસ્ત્રીય અભ્યાસોમાં આશ્ચર્ય કર્યું છે જ્યારે સંશોધકો ખરેખર વહીવટી ઘટકો સાથે તેમનાં દૈનિક કાર્યો, આનંદ અને દુઃખમાં ભાગ લઈને સામાન્ય સભ્ય તરીકે જોડાયા છે અને જીવ્યા છે. આ પદ્ધતિએ ઘણા શાસ્ત્રીય અભ્યાસોને જન્મ આપ્યો છે. પરંતુ, આ પદ્ધતિ સામાજિક, સાંસ્કૃતિક અને નૃવંશશાસ્ત્રીય અભ્યાસોના મર્યાદિત ક્ષેત્રોમાં લાગુ કરી શકાય છે.

### 3.5.2 પ્રશ્નાવલી (Questionnaire) :

માહિતીની નોંધ કરવા અને એકત્ર કરવા તે પરંપરાગત અને સર્વ વ્યાપક સાધન છે. તે ઉત્તરદાતાઓને સાગમટે મૂકવામાં આવતા પ્રશ્નોની માળખાકૃત અને ઔપચારિક રીતે લેખિત યાદી છે. તે સહેલી છે અને હાથવગી છે અને તે સંશોધક અને ઉત્તરદાતાઓની અનુકૂળતા પર આધાર રાખીને ઘણી રીતે આપી શકાય છે.

**પ્રશ્નાવલીના ગુણો (લક્ષણો) :**

પ્રતિભાવોને સરળ કરવા માટે તેમાં નીચે પ્રમાણેના ગુણો હોવા જોઈએ.

- પ્રશ્નો કાંતો બંધ અથવા અબાધ મૂક્ત હોય, તે ટૂંકા, સ્પષ્ટ અને મુદ્દાસર હોવા જોઈએ.
- અસંબંધ્ધિત અથવા બિનજરૂરી પ્રશ્નો કે જે ઉત્તરદાતાને ઉત્તેજીત કરે અથવા તમારા સંશોધના કોઈ રીતે સંબંધ ન હોય તેમને નિવારવા જોઈએ.
- પ્રશ્નાવલી ખૂબ જ લંબાણપૂર્વકની ન હોવી જોઈએ. લંબાણવાળી પ્રશ્નાવલીનો પરત દર નીચો હોય છે અને ઉત્તરદાતાઓ તેમને ભરવામાં વધારે સમય લે છે. લંબાઈ ઉત્તરદાતાને દૂર ધકેલે છે.

- અજ્ઞેયતાનું વચન અપાવું જોઈએ અને પાલન કરાવું જોઈએ જો ઉત્તરદાતા એમ ઈચ્છે તો તેઓને એ પણ ખાતરી આપવી જોઈએ કે માહિતી જાહેર કરાયા સિવાયના અન્ય કોઈ હેતુ માટે ઉપયોગમાં લેવાશે નહીં.
- જો ઉત્તરદાતાઓ માંગણી કરે તો સંશોધન પરિણામો/હેવાલની નકલનું તેઓને વચન અપાવવું જોઈએ.

### 3.5.3 દૂરભાષી સર્વેક્ષણો (Telephonic Surveys) :

અત્યારે ઝડપી અને સસ્તી દૂર પ્રસારણ સેવાઓને લીધે ઈચ્છુક ઉત્તરદાતાઓ પાસેથી સામાજિક સર્વેક્ષણો માટે માહિતી અને અભિપ્રાયો લેવા ટેલીફોન વધારે ઉપયોગમાં લેવાય છે. તેઓ આખરે સમય અને રૂપિયા(પૈસા)ના સંદર્ભમાં કરકસરયુક્ત હોય છે. જો સર્વેક્ષણનું ક્ષેત્ર વિશાળ હોય અને ઉત્તરદાતાઓ ભૌગોલિક રીતે વેરવિખેર હોય અથવા દૂરના અથવા અસુગમ વિસ્તારોમાં રહેતા હોય તો પછી ટેલીફોનનો ભાગ્યે જ કોઈ વિકલ્પ હોય છે.

**ફાયદાઓ :**

- તે છાપેલી પ્રશ્નાવલિની જેમ સ્થગિત થઇ ગયેલા નહીં પણ આંતર સક્રિય હોય છે.
- જો પ્રશ્ન સ્પષ્ટ ન હોય તો ચોખવટની માંગણી કરાય છે અને ચોખવટ સ્પષ્ટીકરણ અપાય છે.
- ઘણાલોકો કંઈક લેખિત આપવું એના કરતાં બોલી નાખવું પસંદ કરે છે.
- મુલાકાતો પરસ્પર અનુકૂળ સમયે ગોઠવી શકાય છે.
- પ્રત્યુત્તર દર ઊંચો હોય છે.

**સમસ્યાઓ :**

પ્રત્યક્ષ મુલાકાતની જેમ વિગતવાર ચર્ચાઓ થઇ શકાતી નથી. પ્રશ્નાવલી ટૂંકાણવાળી હોવી જોઈએ. જો પછીથી ઉત્તરદાતા એમ કહ્યાની ના પાડે તો તેના ઉપર કોઈ અંકુશ હોતો નથી. પછીથી સમસ્યા માટે દૂરભાષીય વાતચીતને પણ ટેપરેકોર્ડ કરી શકાય.

### 3.5.4 વિજાણુય સર્વેક્ષણો (Electronic Surveys) :

નવી ટેકનોલોજીને સર્વેક્ષણ સંશોધનનાં પરંપરાગત સાધનોની સમસ્યાનો નિકાલ કરવાનું પોષાય છે. ઈન્ટરનેટ અને ઈ-મેઈલ બંને પરંપરાગત (છપાઈ) અને ટેલીફોનીક સર્વેક્ષણોના ફાયદા હોય છે. તે હજી વધારે કરકસરયુક્ત છે. ઉપરાંત, આ આંતરસક્રિય વિગતસભર અને છતાં ઘણી કરકસરયુક્ત હોઈ શકે છે. અગાઉ કહ્યા મુજબ, ઉત્તર અપાયેલ માહિતી સરળતાથી ડેટા પ્રોસેસ સોફ્ટવેર પેકેજ (કહો કે SPSS)માં ડાઉનલોડ કરાય અને પ્રત્યક્ષ રીતે/સીધી જ પ્રક્રિયા કરાય નહીં તો પણ, વિજાણૂય માહિતી સરળતાથી એકત્ર કરાય છે વર્ગીકૃત કરાય છે - માહિતી અને જાણકારીની તબદીલીમાં કારકૂની ભૂલો સિવાય.

**ફાયદાઓ અને મર્યાદાઓ :**

અનુકૂળતાને લીધે, સંશોધકો અને ઉત્તરદાતાઓ બંને માટે વેબ આધારિત સર્વેક્ષણો લોકપ્રિય બની રહ્યાં છે. આની લગભગ કઈ પણ કિંમત બેસતી નથી અને ઉત્તરદાતાઓ દ્વારા કોઈપણ અનુકૂળ સમયે ઉત્તરતાઓ દ્વારા ઉત્તર આપી શકાય છે. જ્યારે ટેલીફોનના કિસ્સામાં, સમય સંશોધક અને માહિતીદાતા બંનેને સગવડભર્યો હોવો જોઈએ. પ્રશ્નાવલીના સમૂહ/જથ્થાભેર ઈ-મેઈલીંગ હોઈ શકે. આ અત્યંત કરકસરયુક્ત અને સગવડતાપૂર્ણ હોય છે.

ઈ-મેઈલ અથવા વેબ આધારિત સર્વેક્ષણમાં અંકીય વિભાજનના ઉપયોગના માર્ગમાં ડીજીટલ ડીવાઈસીસ આવે છે. જૂની પેઢીના સામાન્ય માણસોને ઈન્ટરનેટનો

ઉપયોગ કરવામાં મુશ્કેલી પડે છે અથવા તેઓને વિકસિત દેશોમાં પણ પ્રવેશ હોતો નથી.અંકીય વિભાજન વિસ્તૃત અને ગ્રહન હોય છે. ઉત્તરદાતાઓના ઈ-મેઈલ આઈડી મેળવવા મુશ્કેલી હોય કારણ કે આવી નિર્દેશિકાઓ ઉપલબ્ધ હોતી નથી. આમ છતાં, સમસ્યા સમાચાર જૂથ (newsgroup) અથવા લીસ્ટ સર્વઝ (list serves)ની મદદથી ઉકેલી શકાય છે. આ વ્યાવસાયિકોનું જૂથ છે જે ઈ-મેઈલ દ્વારા પ્રાથમિક રીતે આંતરક્રિયા કરે છે અને સામાન્ય રસમાં હિસ્સેદાર બને છે.

◆ **તમારી પ્રગતિ ચકાસો.**

5. વિજાણુકીય સર્વેક્ષણોના ફાયદાઓની ચર્ચા કરો.

નોંધ : 1. નીચે આપેલી જગ્યામાં તમારો ઉત્તર લખો.

2. એકમના અંતે આપેલા ઉત્તરો સાથે તમારા ઉત્તરને ચકાસો.

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

## 3.6 સર્વેક્ષણ સંશોધન માટે કેટલાંક સ્વાધ્યાયો (SOME EXERCISES FOR SURVEY RESEARCH):

સર્વેક્ષણ સંશોધનને કોઈ પ્રયોગશાળા અથવા ઉચ્ચ વિન્યાસની જરૂર પડતી નથી. જો તે નાનું અને સ્થાનિક હોય તો તે સંશોધકને કોઈ ખર્ચ પણ પડવા ન દે. વિદ્યાર્થીઓ માટે નીચેનાં સંશોધન સ્વાધ્યાયોનું સૂચન કરાય છે.

તમારા નગરની સરકારી માધ્યમિક શાળાનાં પુસ્તકાલયભવનોનું સર્વેક્ષણ કરો.

જ્યાં માતા-પિતા પૈકી એક સ્નાતક ઓછામાં ઓછું હોય ત્યાં 18 વર્ષ સુધીના બાળકોની વાચન ટેવનો સર્વેક્ષણ હેવલ  તૈયાર કરો.

આધુનિક ખેતીમાં રોકાયેલા પુરુષ ગ્રામવાસીઓના માહિતી જરૂરિયાતો અને સ્રોતોનું સર્વેક્ષણ કરો.

વિશ્વવિદ્યાલયમાં ગણિતના વિદ્વાન દ્વારા અગ્રંથ પ્રિન્ટ સાહિત્યના ઉપયોગનો અભ્યાસ કરો.

દિલ્હીમાં વિશિષ્ટ પુસ્તકાલયોમાં પુસ્તકો અને અન્ય પ્રલેખોની સરક્યુલેશન પદ્ધતિનો સર્વેક્ષણ કરો.

એ જ રીતે, ઘણા અન્ય આવા મુદ્દાઓ હોઈ શકે જે આ એકમ અને અન્ય સંબંધિત સાહિત્ય વાંચતી વખતે તમને એકદમ યાદ આવશે. આમ છતાં, સંશોધન સમસ્યાઓ માટે કાર્યનુભવ એ શ્રેષ્ઠ અને વિશ્વસનીય સ્રોત છે.

## 3.7 સારાંશ (SUMMARY) :

સમાજ વિજ્ઞાનોમાં મોટાભાગનું સંશોધનએ સર્વેક્ષણ સંશોધન છે. સામાજિક સર્વેક્ષણોનાં પરિણામો એ સામાજિક સમસ્યાઓનો અભ્યાસ કરવા સંશોધનની વૈજ્ઞાનિક પદ્ધતિની પ્રમાણતા યોગ્ય રીતે દર્શાવી છે. સર્વેક્ષણ સંશોધન પરિણામો અને તારણો માટે મોટાભાગે અનુમાનિત તર્ક સૂચવે છે. આ બે ચલો વચ્ચે સંબંધોનો અભ્યાસ કરવા પણ ઉપયોગમાં લઈ શકાય છે. સર્વેક્ષણ માહિતી સંગ્રહ તેની પોતાની રીતે સંપૂર્ણ હોય જે પછીથી અન્ય સંશોધકો, વ્યાપારી નિર્ણાયકો, આયોજકો, નીતિ ઘડવૈયાઓ દ્વારા ઉચ્ચ નિર્ણયો લેવા ઉપયોજિત કરાય છે. શૈક્ષણિક હેતુ માટે તે પોતાની માહિતી વ્યાવસ્થાપનમાં મોટાભાગનાં ચાલુ અને ભૂતકાલીન સંશોધન સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કર્યો છે. દાત. તમિલનાડુમાં જાહેર પુસ્તકાલય સેવાઓમાં સર્વેક્ષણ, ઉત્તર ભારતમાં શૈક્ષણિક પુસ્તકાલયોમાં ITના ઉપયોગનું સર્વેક્ષણ. સર્વેક્ષણ સંશોધનમાં પાયાનું કાર્ય અને પ્રત્યક્ષ પદ્ધતિ દ્વારા માહિતી સંગ્રહ છે. તે અવલોકન દ્વારા અથવા બનાવમાં હિસ્સેદારી દ્વારા પાર પાડી શકાય છે. પ્રશ્નાવલી એ સર્વ વ્યાપક સાધન છે.

દૂરભાષીય અને વિજાણુય સર્વેક્ષણો પણ માહિતી એકત્ર કરવા અથવા વ્યાપવિશ્વના અભિપ્રાયો દર્શાવવા હાથવગાં હોય છે. વિજાણુકીય માહિતી સંગ્રહને કમ્પ્યુટરમાં માહિતી સીધીરીતે ડાઉનલોડ કરવાનો અને માહિતીની પ્રક્રિયા કરવાનો વધારાનો લાભ હોય છે. પ્રશ્નાવલી ટૂંકી અને સાદી હોવી જોઈએ અને ખૂબ વ્યક્તિગત અથવા બિનજરૂરી પ્રશ્નોના પૂછાવા જોઈએ નહીં. પ્રયોગાત્મક અથવા ઐતિહાસિક સંશોધન જેવી અન્ય પદ્ધતિઓમાં કર્યા મુજબ અનુમાનો તારવવા માટે માહિતી એકત્ર કરાવી જોઈએ, વર્ગીકૃત કરાવી જોઈએ અને અંકશાસ્ત્રીય રીતે પ્રક્રિયા કરાવી જોઈએ. સમાજ વિજ્ઞાન કમ્પ્યુટર પેકેજ સંશોધનો માટે SPSS(Software Package for Social Sciences) ઉપલબ્ધ છે.

## 3.8 તમારી પ્રગતિ ચકાસો (ANSWER TO SELF CHECK EXERCISES) :

1. પુસ્તકાલય સર્વેક્ષણએ પુસ્તકાલયોના ઉપયોગકારો માહિતી કર્માચારીઓ, સંગ્રહ, પ્રક્રિયાઓ, સેવાઓને સંબંધિત માહિતી એકત્ર કરવાની પ્રક્રિયા છે. તે ધોરણીય પ્રયુક્તિઓ અને સાધનોનો ઉપયોગ કરીને પદ્ધતિસર રીતે કરાય છે.
2. પુસ્તકાલય સર્વેક્ષણનો હેતુ અમુક પ્રકારો અથવા અમુક વિસ્તારોમાં પુસ્તકાલયો વિષે આવી માહિતી જાણવાનો અને રજૂ કરવાનો છે. તે પુસ્તકાલયોના વિકાસની સ્થિતિ તથા આગળ સુધારા માટે તેમનું મૂલ્યાંકન કરવાની જાણકારીમાં મદદ કરે છે.
3. માહિતી સંગ્રહમાં સમાવિષ્ટ પગથિયાં છે :
   - વ્યાપવિશ્વનું કદ અને સ્વરૂપ સ્પષ્ટ રીતે જણાવવું જ જોઈએ.
   - ઉપયોગ કરવાની નમૂના (ન્યાદર્શ) પસંદગી પ્રયુક્તિઓ નિશ્ચિત કરવી અને ન્યાદર્શનું કદપણ
   - ઉપયોગ કરાવાના માહિતી સંગ્રહ માટે સાધનો વિષે નિર્ણય કરવો.
   - માપન માટેની માપપટ્ટીઓ પસંદ કરવી.
   - પ્રમાણતા અને વિશ્વસનીયતાની કાળજી લઈને પ્રશ્નાવલી/મુલાકાતની યોગ્ય રીતે રચના કરવી.
   - અજમાયશી સર્વેક્ષણનું સંચાલન કરવું અને પ્રતિપોષણના આધારે પ્રશ્નાવલી/મુલાકાત કાર્યક્રમ સુધારવો.
   - માહિતી સંગ્રહ સાધન વ્યાપવિશ્વને આપવું.

4) માહિતી સંબંધી સર્વેક્ષણ સંશોધનની સમસ્યાઓ છે :
   - ઉત્તરદાતા/ઉત્તરવાદી તરફથી અસહકાર
   - નીમ્ન પ્રત્યુત્તર દર
   - ઈરાદાપૂર્વકની ખોટી માહિતી
   - અસ્પષ્ટ ઉત્તરો અને
   - ઉત્તરદાતો તરફથી પૂરી પડાયેલી અપ્રામાણિકતાથી ગોઠવાયેલી માહિતી

5) વિજાણૂય સર્વેક્ષણો એ રીતે ઉપયોગી છે કે કરકસરયુક્ત હોય છે. કોઈપણ સંખ્યાની પ્રશ્નાવલીઓ મેઈલ કરી શકાય છે પૃથક્કરણ પણ સરળ છે. કારણ કે તે સંકેતીકરણ, માહિતીની સારણી ગોઠવણી અને માહિતીની વધારે ચકાસણી જેવી બાબતોનો બચાવ કરે છે.

## 3.9 ચાવીરૂપ શબ્દો (KEY WORDS) :

**અનુમાનિત તર્ક પ્રક્રિયા (Inductive Reasoning)** : વિસ્તૃત રીતે તારવાયેલી હકીકતો અને અવલોકનો આધારિત તાર્કિક તર્ક પ્રક્રિયા આવતી કાલે સૂર્ય પૂર્વમાંથી ઉગશે તે અનુમાનિત તર્ક પ્રક્રિયા છે.

**માહિતીદાતા (Informant)** : અભ્યાસ હેઠળના વ્યાપવિશ્વના ભાગરૂપ વ્યક્તિ જે સંશોધકને માહિતી અથવા અભિપ્રાય આપે છે.

**ભૂલની ગુંજાશ (Margin of Error)** : યાદચ્છ નમૂના પસંદગી દ્વારા તારવાયેલ વ્યાપવિશ્વના સાચા પ્રતિનિધિ હોવામાંથી ન્યાદર્શના વિચલનની માત્રા. વ્યવહારમાં 0.5% ભૂલની ગુંજાશ સ્વીકાર્ય અથવા સામાન્ય છે. તેના અર્થ થાય છે ન્યાદર્શ સંપૂર્ણ વ્યાપવિશ્વની અચોક્કસતા (અડસટ્ટો) 95% છે.

**પ્રશ્નાવલી (Questionnaire)** : સંશોધક દ્વારા તૈયાર કરાયેલ પૂછાનારા પ્રશ્નોની ઔપચારિક અને માળખાકૃત યાદી.

**યાદચ્છ ન્યાદર્શ (નમૂનો) (Random Sample)** : સંભવિતતા પ્રયુક્તિ દ્વારા તૈયાર કરાયેલ ન્યાદર્શ જેમાં વ્યાપવિશ્વના પ્રત્યેક તત્વને ન્યાદર્શમાં સમાવેશ માટે સરખી અને સ્વતંત્ર તક હોય છે.

**ન્યાદર્શ (નમૂનો) (Sample)** : સંશોધન કરાવવા માટેના સંપૂર્ણ વ્યાપવિશ્વની લઘુ પ્રતિકૃતિ રજૂ કરવા વ્યાપવિશ્વની રૂપરેખા કરાયેલ પેટાજૂથ.

**સર્વેક્ષણ સંશોધન (Survey Research)** : તે શું, ક્યાં, ક્યારે અને કોણ પ્રકારના પ્રશ્નોના જવાબ આપવા અદ્યતન સ્થિતિ અથવા કોઈ ખાસ બાબતની જાણકારી મેળવવા ખાસ પરિસ્થિતિ કે વિન્યાસનો અભ્યાસ કરવા વર્ણનાત્મક સંશોધનનો પ્રકાર છે. કેટલીક વાર વિશાળ માહિતી બેન્ક સર્જનએ સર્વેક્ષણ સંશોધનનો એકમાત્ર તત્કાલ હેતુ હોય છે. સમાજ વિજ્ઞાનોમાં તે સૌથી વધારે લોકપ્રિય પદ્ધતિ છે.

**પ્રમાણતા (Validity)** : તે કાંતો અવલોકન તને માપનની ચોક્કસતા તથા અન્ય સ્થિતિઓ માટે સંશોધન પરિણામોના સામાન્યીકરણની સત્યતા એવો અર્થ આપે છે.

## 3.10 સંદર્ભો અને વિશેષ વાંચન (REFERENCES AND FURTHER READING) :

Krishan Kumar: Research Methods in Library and Information Science, New Delhi : Vikas, 1992.pp-39-51.

Kumar, P.S.G. Research Methods and Statistical Techniques Delhi : B.R. Publishing, 2004. pp-243-248.

Sharma, Pandey S.K. University of Knowledge and Research Methodology. Delhi : Ken Publication, 1990. pp-103-107.

Singh, S.P. Research Methods in Social Sciences : A Manual for Designing Questionnaires New Delhi : Kanishka Publishers.pp-268.

Williason, Kristy : Research Methods for Student and Propesionds; Information Managment Systems Wagga Wagga, Australia : Centere for Information Studies, Charles Sturt University, 2000.pp-71-92.